# છેવાડાના લોકો સુધી સરળતાથી ધિરાણ પહોંચાડો: બેન્કર્સને મુખ્યમંત્રીનું આહવાન

**એમએસએમઈ**, મહિલા ઉદ્યોગ સાહસિકો, ગ્રામ્ય કારીગરો અને નાના ખેડૂતોને ‘ક્રેડિટ ટુ લાસ્ટ માઈલ’નો લાભ આપવા તાકીદ

ગાંધીનગર: રાજ્યમાં નાણાકીય સમાવેશને વધુ વેગ આપતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બેન્કિંગ ક્ષેત્રને ‘ક્રેડિટ ટુ લાસ્ટ માઈલ’ સાકાર કરવા માટે આહ્વાન કર્યું છે. ગાંધીનગરમાં યોજાયેલી સ્ટેટ લેવલ બેન્કર્સ કમિટીની 190મી બેઠકની અધ્યક્ષતા કરતાં મુખ્યમંત્રીએ એમએસએમઈ, મહિલા ઉદ્યોગ સાહસિકો, ગ્રામીણ કારીગરો અને નાના ખેડૂતો સહિત છેવાડાના લાભાર્થીઓ સુધી સરળતાથી અને સમયસર ધિરાણ પહોંચે તે માટે બેન્કોને વધુ સક્રિય ભૂમિકા ભજવવા તાકીદ કરી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, દેશની આર્થિક પ્રગતિમાં બેન્કિંગ ક્ષેત્રની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ રહેશે. બેન્કોની ભૂમિકા માત્ર ધિરાણ અને નાણાકીય લેવડદેવડ પૂરતી મર્યાદિત ન રહેતાં હવે સામાજિક સેવા અને વિકાસના ક્ષેત્રોમાં પણ તેનો વ્યાપ વધ્યો છે, જે વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં મહત્વપૂર્ણ બનશે. સરકારી યોજનાઓ હેઠળ મળતી ધિરાણ સહાયની અરજીઓનો ઝડપી નિકાલ કરવા અને વધુમાં વધુ લાભાર્થીઓને આવરી લેવા પણ મુખ્યમંત્રીએ બેન્કર્સને સૂચના આપી હતી. ખાસ કરીને કિસાન ક્રેડિટ કાર્ડનો લાભ મેળવવાથી હજુ બાકી રહેલા ખેડૂતોને ઝડપથી આવરી લઈને યોજનાના સંતૃપ્તિ અભિગમને સાકાર કરવા તેમણે ભાર મૂક્યો હતો. આ યોજનાઓનો લાભ ઝડપથી પહોંચાડવા માટે બેન્કર્સે ટેકનોલોજી આધારિત અભિગમ અપનાવીને સમયસર ધિરાણ અને લોન સહાય પૂરી પાડવી જોઈએ તેમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

બનાસકાંઠા, વાવ-થરાદ, વડોદરા, સુરત, નર્મદા, ડાંગ, તાપી, નવસારી, વલસાડ સહિત

# ઉત્તર-દક્ષિણ ગુજરાતમાં આજે ફરી ભારે વરસાદ

**રાજ્યમાં** પાંચ દિવસ વરસાદી માહોલની આગાહી, સંઘપ્રદેશમાં પણ વરસાદ પડશે

ગાંધીનગર: ગુજરાતમાં ચોમાસાની ગતિવિધિ સક્રિય રહેતા આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યમાં વરસાદી માહોલ યથાવત રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે.

હવામાન વિભાગના સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, આગામી ૨૪ કલાક દરમિયાન ઉત્તર અને દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ સાથે ગાજવીજની શક્યતા છે, જ્યારે આજે દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર, નર્મદા, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ ઉપરાંત દમણ તથા દાદરા-નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ છૂટાછવાયા સ્થળોએ વરસાદની શક્યતા છે. પશ્ચિમ બંગાળના દરિયાકાંઠા નજીક સર્જાયેલું દબાણ પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ દિશામાં આગળ વધી રહ્યું છે. સાથે જ ઉત્તર-પશ્ચિમ મધ્યપ્રદેશ અને આસપાસના વિસ્તારમાં ઉપરના હવામાન સ્તરે ચક્રાકાર પરિભ્રમણ યથાવત છે. ચોમાસાની ધરી પણ સક્રિય હોવાથી ગુજરાતમાં આગામી દિવસોમાં વરસાદી ગતિવિધિ ચાલુ રહેવાની સ્થિતિ છે.

### મહેસાણા, સાબરકાંઠા અને બનાસકાંઠામાં ભારે વરસાદ

છેલ્લા ૨૪ કલાક દરમિયાન ગુજરાત પ્રદેશના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો. સૌરાષ્ટ્રમાં કેટલાક સ્થળોએ અને કચ્છમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદ થયો હતો. આ દરમિયાન મહેસાણા, સાબરકાંઠા અને બનાસકાંઠામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ નોંધાયો હતો.

### ક્યાં ક્યારે કેટલો વરસાદ પડશે?

૧૪ ઓગસ્ટની સવાર સુધી બનાસકાંઠા, વાવ-થરાદ, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહીસાગર સહિત ઉત્તર ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. દક્ષિણ ગુજરાતના વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડમાં પણ અનેક સ્થળોએ વરસાદ પડી શકે છે. ૧૪થી ૧૫ ઓગસ્ટ દરમિયાન સાબરકાંઠા, અરવલ્લી, ખેડા, પંચમહાલ, દાહોદ અને મહીસાગરમાં અનેક સ્થળોએ વરસાદની શક્યતા છે, જ્યારે દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં અનેક સ્થળોએ વરસાદ પડી શકે છે. ૧૫થી ૨૦ ઓગસ્ટ દરમિયાન પણ ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદની આગાહી છે.

### ગાજવીજ સાથે ૩૦થી ૪૦ કિલોમીટરની ઝડપે પવન પણ ફુંકાશે

હવામાન વિભાગના સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે આવતીકાલે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, વાવ-થરાદ, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ અને મહીસાગર તેમજ દક્ષિણ ગુજરાતના છોટાઉદેપુર, નર્મદા, ડાંગ, તાપી, નવસારી અને વલસાડમાં છૂટાછવાયા સ્થળોએ વીજળીના કડાકા-ભડાકા સાથે ગાજવીજ અને ૩૦થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. સૌરાષ્ટ્રમાં અમરેલી, ભાવનગર અને કચ્છમાં પણ આવી સ્થિતિની આગાહી છે.

# મેડિકલ-ડેન્ટલ પ્રવેશ માટે 16,221 વિદ્યાર્થીઓનું વેરિફિકેશન પૂર્ણ

ગાંધીનગર: શૈક્ષણિક વર્ષ 2026-27 માટે મેડિકલ અને ડેન્ટલની સ્નાતક વિદ્યાશાખામાં પ્રવેશ પ્રક્રિયા માટે રાજ્યના 28 હેલ્પ સેન્ટરો ખાતે અરજી ચકાસણી તેમજ પ્રમાણપત્રોની નકલ જમા કરાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. પ્રવેશ પ્રક્રિયા માટે કુલ 16,540 PIN વેચવામાં આવ્યા હતા, જ્યારે તેમાંથી 16,430 વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. હેલ્પ સેન્ટરો ખાતે કુલ 16,221 વિદ્યાર્થીઓની અરજી અને દસ્તાવેજોની ચકાસણી પૂર્ણ થઈ છે. મેડિકલ અને ડેન્ટલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઓનલાઇન પીન ખરીદવાની પ્રક્રિયા 31 જુલાઈથી 12 ઓગસ્ટ, 2026 દરમિયાન હાથ ધરવામાં આવી હતી. આ જ સમયગાળા દરમિયાન વિદ્યાર્થીઓ માટે રજીસ્ટ્રેશન તથા જરૂરી દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરવાની પ્રક્રિયા પણ રાખવામાં આવી હતી. ત્યારબાદ 3 ઓગસ્ટથી 13 ઓગસ્ટ, 2026 સુધી રાજ્યના 28 હેલ્પ સેન્ટરો ખાતે વિદ્યાર્થીઓની અરજી ચકાસણી તથા પ્રમાણપત્રોની નકલો જમા કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પ્રવેશ સમિતિ દ્વારા તમામ હેલ્પ સેન્ટરોને આ કામગીરી અંગે જરૂરી સૂચનાઓ વિડિયો કોન્ફરન્સિંગ મારફતે આપવામાં આવી હતી. દરમિયાન બીએએમએસ અને બીએચએમએસ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની રજીસ્ટ્રેશન પ્રક્રિયા અલગથી હાથ ધરવામાં આવશે.

# ESIમાં જોડાયેલા શ્રમિક પરિવારોને અમર્યાદિત ખર્ચની સુપર સ્પેશિયાલિટી સારવાર મળશે

**ઈએસઆઈસી** સાથે વધુ ૬ અગ્રણી આરોગ્ય સંસ્થાઓના કરાર કરવામાં આવ્યા

ગાંધીનગર: રાજ્યના શ્રમિક પરિવારોને ગંભીર બીમારી અને તાત્કાલિક સારવારની સ્થિતિમાં વધુ સારી આરોગ્યસુવિધા મળી રહે તે માટે રાજ્ય સરકારે મહત્વપૂર્ણ પહેલ કરી છે. કર્મચારી રાજ્ય વીમા નિગમ-ગુજરાત હેઠળ નોંધાયેલા વીમાધારક શ્રમિકો અને તેમના આશ્રિતોને હવે રાજ્યની અગ્રણી સુપર સ્પેશિયાલિટી તથા તૃતીયકક્ષાની આરોગ્ય સંસ્થાઓમાં અમર્યાદિત ખર્ચે સારવાર મળી શકશે. આ માટે ઈએસઆઈસી-ગુજરાતે વધુ છ અગ્રણી આરોગ્ય સંસ્થાઓ સાથે સમજૂતી કરાર કર્યા છે.

ગાંધીનગર ખાતે યોજાયેલા સમજૂતી કરાર કાર્યક્રમમાં શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળિયાની ઉપસ્થિતિમાં આ કરારો થયા હતા. કેબીનેટ મંત્રીએ જણાવ્યું હતું કે, સ્વસ્થ શ્રમિક જ મજબૂત અર્થતંત્ર અને રાષ્ટ્રનિર્માણનો આધારસ્તંભ છે. શ્રમિકોને ગુણવત્તાસભર આરોગ્યસેવાઓ સમયસર અને સરળતાથી ઉપલબ્ધ કરાવતી આ પહેલ લાખો શ્રમિક પરિવારો માટે આરોગ્ય સુરક્ષા કવચ સાથે મોટી આર્થિક રાહત પણ સાબિત થશે. આ પહેલ હેઠળ ઈએસઆઈસીના લાભાર્થીઓને જરૂરિયાત મુજબ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલોમાં સારવારનો લાભ મળશે. ગંભીર બીમારી તેમજ તાત્કાલિક સારવારની સ્થિતિમાં સારવારના ખર્ચની મર્યાદા ન રહે તે વ્યવસ્થા શ્રમિક પરિવારો માટે ખાસ મહત્વપૂર્ણ બની રહેશે.

રાજ્યમાં ઈએસઆઈસીની તૃતીયકક્ષાની અને સુપર સ્પેશિયાલિટી આરોગ્ય સેવાઓનું નેટવર્ક સતત વિસ્તરી રહ્યું છે. તાજેતરના છ સહિત અત્યાર સુધીમાં કુલ ૩૨ આરોગ્ય સંસ્થાઓ સાથે સમજૂતી કરાર થઈ ચૂક્યા છે.

આ નેટવર્કમાં યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, જીએમઈઆરએસ હોસ્પિટલ્સ, ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર અને એઈમ્સ રાજકોટ જેવી અગ્રણી સંસ્થાઓનો સમાવેશ થાય છે. વધુ ૪૫ હોસ્પિટલો અને આરોગ્ય સંસ્થાઓ સાથે સમજૂતી કરારની પ્રક્રિયા હાલ ચાલી રહી છે. મંત્રીએ હોસ્પિટલ સંચાલકો અને તબીબી નિષ્ણાતોને સારવાર માટે આવતા શ્રમિકો પ્રત્યે સંવેદનશીલતા દાખવી પરિવારના સભ્ય જેવી કાળજી સાથે શ્રેષ્ઠ સારવાર આપવા અપીલ કરી હતી.

### શ્રાવણના પ્રથમ દિવસે શિવાલયોમાં ભક્તોની ભીડ ઊમટી



પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસે રાજ્યભરના શિવાલયોમાં ભક્તોની ભીડ ઊમટી પડી હતી. અમદાવાદના સેટલાઇટ બિલેશ્વર મહાદેવ, રાયપુર કામનાથ મહાદેવમા શિવલિંગને જલાભિષેક કરી પૂજન કરતાં ભક્તજનો. (ત. જનક પટેલ, અમદાવાદ)

# દિવ્યાંગજનોને રોજગાર-સ્વરોજગાર માટે પ્રોત્સાહન, ૩૨ રાજ્ય પારિતોષિકોની પસંદગી

**૨૮૯** અરજીઓમાંથી નોકરીદાતા, દિવ્યાંગ કર્મચારી-સ્વરોજગારી અને પ્લેસમેન્ટ ઓફિસરની કેટેગરીમાં પારિતોષિક અપાશે

ગાંધીનગર: દિવ્યાંગજનોને રોજગાર અને સ્વરોજગાર ક્ષેત્રે પ્રોત્સાહિત કરી તેમને આત્મનિર્ભર બનાવવાના હેતુથી ગાંધીનગર ખાતે યોજાયેલી ‘રાજ્ય દિવ્યાંગ પારિતોષિક પસંદગી સમિતિ’ની બેઠકમાં પ્રાપ્ત થયેલી કુલ ૨૮૯ અરજીઓની વિગતવાર ચકાસણી બાદ ત્રણ કેટેગરીમાં પાત્ર ઉમેદવારોની વર્ષવાર પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

મંત્રી કુંવરજી બાવળીયાના અધ્યક્ષસ્થાને મળેલી ૧૩ સભ્યોની સમિતિની બેઠકમાં નોકરીદાતા, રોજગાર કે સ્વરોજગાર કરતા દિવ્યાંગજનો તેમજ પ્લેસમેન્ટ ઓફિસરની કેટેગરીમાં પારિતોષિકની પસંદગી કરવામાં આવી હતી. નોકરીદાતાઓની કેટેગરીમાં જાહેર અને ખાનગી ક્ષેત્ર મળીને કુલ ૮ પારિતોષિક, રોજગાર કે સ્વરોજગાર કરતા દિવ્યાંગજનો માટે જાહેર અને ખાનગી ક્ષેત્ર મળીને ૨૩ પારિતોષિક તથા પ્લેસમેન્ટ ઓફિસર માટે ૧ પારિતોષિક પસંદ કરવામાં આવ્યું છે.

આ યોજના હેઠળ દિવ્યાંગતાના પ્રકાર અને કક્ષાને ધ્યાનમાં રાખીને ત્રણ કેટેગરીમાં કુલ ૩૨ પારિતોષિક એનાયત કરવામાં આવશે. ઉત્કૃષ્ટ કામગીરી કરનારા નોકરીદાતાઓને શીલ્ડ અને પ્રમાણપત્રથી સન્માનિત કરાશે, જ્યારે રોજગાર કે સ્વરોજગાર કરતી દિવ્યાંગ વ્યક્તિઓને રૂ. ૧૦ હજારનું પ્રોત્સાહન અને પ્રમાણપત્ર આપવામાં આવશે. પ્લેસમેન્ટ ઓફિસરને પણ શીલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવશે.

### અમદાવાદમાં મૃતદેહ લઈ જવા માટે શબવાહિની મફત મળશે

અમદાવાદ: અમદાવાદ મનપા દ્વારા હોસ્પિટલથી ઘર અથવા ઘરેથી સ્મશાન સુધી મૃતદેહ લઈ જવા માટે કોઈ ચાર્જ લેવામાં નહી આવે, તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદ મનપાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલે જણાવ્યું હતું કે, અત્યાર સુધી મનપા સંચાલિત શબવાહિની દ્વારા હોસ્પિટલથી મૃતદેહને ઘરે અથવા ઘરેથી સ્મશાન સુધી લઈ જવા માટે નક્કી કરાયેલ ચાર્જ વસૂલવામાં આવતો હતો. હવે આ ચાર્જ સંપૂર્ણપણે રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી આર્થિક રીતે નબળા પરિવારો માટે મનપાની આ નિઃશુલ્ક શબવાહિની સેવા ઉપયોગી સાબિત થશે. હવે મૃતદેહને હોસ્પિટલથી ઘરે અથવા ઘરેથી સ્મશાન સુધી લઈ જવા માટે મનપાની શબવાહિની સેવાનો લાભ કોઈપણ ચાર્જ વિના મેળવી શકાશે.

# ૧૦૮ ડમરુના નાદથી ગૂંજી ઊઠ્યું વડનગર, શ્રાવણોત્સવનો ભવ્ય પ્રારંભ

**શર્મિષ્ઠા** તળાવથી હાટકેશ્વર મહાદેવ મંદિર સુધી ડમરુ યાત્રા; હેરિટેજ ઓટો રિક્ષા સેવાનો પણ પ્રારંભ

ગાંધીનગર: ઐતિહાસિક નગરી વડનગર આજે વહેલી સવારે ૧૦૮ કલાકારોના ડમરુના ગુંજતા નાદથી શિવમય બની હતી. રાજ્ય સરકાર દ્વારા આયોજિત વડનગર શ્રાવણોત્સવનો ભવ્ય પ્રારંભ શર્મિષ્ઠા તળાવના કિનારેથી થયો હતો. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ડમરુ વગાડીને ભવ્ય ડમરુ યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. ભક્તિ, કલા અને ઐતિહાસિક વિરાસતના સંગમ સમાન આ યાત્રામાં ૧૦૮ નિષ્ણાત કલાકારોએ એકસાથે ડમરુ વાદન કરતાં સમગ્ર વડનગરમાં શિવભક્તિનો અનોખો માહોલ સર્જાયો હતો.

શર્મિષ્ઠા તળાવથી શરૂ થયેલી ડમરુ યાત્રા અર્જુન બારી, ભગતના ગલ્લા અને જુના ચાચરેથી પસાર થઈ શ્રી સ્વામિનારાયણ મંદિર તથા ગોપાલજી મંદિર થઈને શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે પૂર્ણ થઈ હતી. યાત્રાના સમગ્ર માર્ગમાં નગરજનોએ ભક્તિભાવ સાથે તેનું સ્વાગત કર્યું હતું. ૧૦૮ કલાકારોના એકસાથે ગુંજતા ડમરુના નાદથી ઐતિહાસિક નગરીનું વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. નાયબ મુખ્યમંત્રીએ યાત્રામાં સ્વયં સહભાગી બની નગરજનોનો ઉત્સાહ વધાર્યો હતો. યાત્રાના સમાપન બાદ તેમણે હાટકેશ્વર મહાદેવના દર્શન કરી પૂજા-અર્ચના કરી હતી અને શ્રદ્ધાળુઓને પ્રસાદ તથા શિવ કીટનું વિતરણ કર્યું હતું.

શ્રાવણોત્સવના પ્રારંભ સાથે વડનગરના સાંસ્કૃતિક વારસા અને પ્રવાસનને વધુ વેગ આપવાના હેતુથી ‘વડનગર હેરિટેજ ઓટો રિક્ષા’ સેવાનો પણ પ્રારંભ કરવામાં આવ્યો હતો. નાયબ મુખ્યમંત્રીએ હેરિટેજ ઓટો રિક્ષામાં સવારી કરીને આ સેવાનો પ્રારંભ કરાવ્યો હતો. આ સેવા વડનગરના ઐતિહાસિક અને ધાર્મિક સ્થળોને પ્રવાસીઓ સાથે વધુ સુગમ રીતે જોડવામાં મહત્વપૂર્ણ બની શકે છે. વડનગરના ધાર્મિક-સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતા શ્રાવણોત્સવના પ્રારંભે ભક્તિ સાથે સ્થાનિક વિરાસત અને પ્રવાસનને જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. કાર્યક્રમ બાદ નાયબ મુખ્યમંત્રીએ વડનગરના વિવિધ વિકાસલક્ષી કામોની વરિષ્ઠ અધિકારીઓ સાથે સમીક્ષા પણ કરી હતી.

### અમદાવાદમાં બેકરીમાં ઉપયોગમાં લેવાતા મેંદામાં જીવડા જોવા મળ્યા

અમદાવાદ: અમદાવાદ મનપાના હેલ્થ-ફૂડ વિભાગ દ્વારા દક્ષિણ ઝોન વિસ્તારમાં ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ હેઠળ બે બેકરીમાં તપાસ હાથ ધરતા નિયમોનું ઉલ્લંઘન સહિતની ગંભીર ખામીઓ હોવાનું જણાઈ વચા બંને બેકરી સીલ કરી દેવામાં આવી હતા. અમદાવાદ મનપાની ટીમે નારોલ-લાંભા ખાતે મુસ્કાન બેકરી, ગોલ્ડન પાર્ક, વિલ્સન હોટલ પાછળ, તપાસ કરતાં જરૂરી લાયસન્સ/રજીસ્ટ્રેશન ન હોવાનું સામે આવ્યું હતું. આ ઉપરાંત, નિયમ-જોગવાઈઓનું પાલન કરવામાં આવતું ન હતું. આ ઉપરાંત સિમેન્ટ ગોડાઉન ગલી, છીપા સોસાયટી પાછળ, બહેરામપુરા ખાતે આવેલી પ્રિન્સ બેકરીમાં તપાસ કરતાં ત્યાં અસ્વચ્છ પરિસ્થિતિ જરૂરી શરતોનું પાલન કરવામાં આવતું ન હતું. તેમજ બેકરીમાં ઉપયોગમાં લેવાતા મેંદામાં જીવડા જોવા મળ્યા હતા. આમ બંને એકમને સીલ કરી દેવામાં આવ્યો હતા.

# 250થી વધુ ઉદ્યોગો અને સંસ્થા દ્વારા એક લાખ યુવાનોને તાલીમ અપાશે

**નમો** ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન હેઠળ ઉદ્યોગ આધારિત તાલીમનો તખ્તો તૈયાર; તાલીમ બાદ રોજગાર પર પણ ફોકસ

ગાંધીનગર: ગુજરાતમાં યુવાનોને ઉદ્યોગોની જરૂરિયાત મુજબના કૌશલ્યથી સજ્જ કરી રોજગારલક્ષી બનાવવા માટે રાજ્ય સરકારે ‘નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન’ હેઠળ મોટા પાયે કૌશલ્ય તાલીમનું આયોજન કર્યું છે. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન એક લાખ યુવાનોને તાલીમ આપવાના લક્ષ્યાંક સાથે શરૂ કરાયેલા આ અભિયાનમાં ૨૫૦થી વધુ ઉદ્યોગો અને શૈક્ષણિક સંસ્થાઓએ ભાગીદારી માટે રસ દાખવી પ્રસ્તાવો રજૂ કર્યા છે. તાલીમનું માળખું ઉદ્યોગની માંગ આધારિત રાખવામાં આવ્યું છે, જેથી તાલીમ મેળવનારા યુવાનોને સીધો રોજગાર સાથે જોડવાનો માર્ગ સરળ બને.

‘ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ્સ ફોર એડવાન્સ્ડ સ્કિલ્સ’ હેઠળ આ તાલીમ કાર્યક્રમ હાથ ધરાશે. તેમાં એલ એન્ડ ટી, આર્સેલર મિત્તલ ગ્રુપ, મારુતિ સુઝુકી સાથે સંકળાયેલ ઓટોમોબાઈલ સેન્ટર ઓફ એક્સેલન્સ, ટાટા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્કિલ્સ, ગણપત યુનિવર્સિટી સહિતની વિવિધ અગ્રણી ઔદ્યોગિક અને શૈક્ષણિક સંસ્થાઓએ ભાગીદારી માટે પ્રસ્તાવ આપ્યો છે. આ મિશન હેઠળ આરોગ્યસંભાળ, માહિતીપ્રૌદ્યોગિકી, ઈલેક્ટ્રોનિક્સ, પ્રવાસન, વાહનવ્યવહાર અને સંગ્રહ વ્યવસ્થા, એરોસ્પેસ, ખાદ્ય પ્રક્રિયા અને મીડિયા સહિતના ૨૦ પ્રાથમિકતા ધરાવતા ક્ષેત્રોમાં તાલીમ આપવામાં આવશે. આ ઉપરાંત કૃત્રિમ બુદ્ધિમત્તા, રોબોટિક્સ, ઈલેક્ટ્રિક વાહનો, બ્લોકચેન, સાયબર સુરક્ષા, સેમિકન્ડક્ટર ઉત્પાદન, ડેટા સાયન્સ અને ડ્રોન ટેક્નોલોજી જેવા ૧૨ ઉભરતા ટેક્નોલોજી ક્ષેત્રોમાં ભવિષ્યલક્ષી કૌશલ્ય વિકસાવવા પર પણ ભાર મૂકવામાં આવશે.

૧૪થી ૫૯ વર્ષની વયના પાત્ર લાભાર્થીઓને રહેણાંક, બિનરહેણાંક, અગાઉના શિક્ષણની માન્યતા સહિતના વિવિધ મોડલ મારફતે વિનામૂલ્યે તાલીમ આપવામાં આવશે. તાલીમ પ્રદાતાઓને પણ કામગીરી આધારિત ચૂકવણી કરવામાં આવશે. નોંધણી, પ્રમાણપત્ર અને રોજગારના પરિણામોના આધારે ચૂકવણીનું માળખું નક્કી કરાયું છે. તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી પ્રમાણપત્ર મેળવનારા પાત્ર તાલીમાર્થીઓને દર ૧૨૦ કલાકની તાલીમ માટે રૂ. ૫૦૦ની સીધી નાણાકીય સહાય તેમના આધાર સાથે જોડાયેલા બેન્ક ખાતામાં આપવામાં આવશે.

### સુડોકુ ૨૦૩૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૭ | ૧ | | |
| | ૧ | ૯ | | ૪ | ૮ | | | ૨ |
| ૨ | ૬ | | ૫ | | ૧ | ૮ | | ૪ |
| ૧ | ૨ | | | | | ૯ | | |
| | | ૩ | | | ૫ | ૪ | ૮ | |
| ૬ | | ૪ | ૭ | ૩ | | | ૫ | ૧ |
| | | | ૮ | | ૬ | | ૧ | |
| ૩ | ૭ | ૬ | ૯ | ૧ | ૨ | | ૪ | ૮ |
| ૮ | ૫ | ૧ | ૪ | | ૩ | | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**તાવ**

દળેલું જીરું 50g અને ગોળ 10g બરાબર મિક્સ કરો. ભરી રાખો.

તેમાંથી રોજ સવાર, સાંજ બે બે ચમચી ખાવાથી તાવ, શરીરનો દુખાવો, સાંધાનો દુખાવો, મટે છે. ખાટું, ખારું, ભારે ખોરાક બંધ કરવો.

# સરકારનું સરકારી કચેરી સુધારણા અભિયાન, 3 વર્ષમાં 55 કરોડ ખર્ચ્યા

**ચાલુ** વર્ષે વધુ રૂ.૩૦ કરોડના પ્રોજેક્ટ પ્રગતિ હેઠળ

ગાંધીનગર: રાજ્યની સરકારી અને અર્ધસરકારી કચેરીઓને વધુ આધુનિક, સુવ્યવસ્થિત અને નાગરિક-કેન્દ્રીત બનાવવા માટે ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રિઝ માર્કેટિંગ કોર્પોરેશન લિમિટેડ (ગ્રીમકો) દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરી હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં રૂ.૫૪.૯૭ કરોડના ખર્ચે વિવિધ કચેરીઓના આંતરિક માળખાકીય અને ઈન્ટીરિયર ડિઝાઈનિંગના કામ પૂર્ણ કરવામાં આવ્યા છે.

જ્યારે વર્ષ ૨૦૨૬-૨૭માં વિવિધ સરકારી કચેરીઓના આંતરિક સુશોભન અને માળખાકીય સુવિધાઓના રૂ.૩૦ કરોડથી વધુના પ્રોજેક્ટ હાલ પ્રગતિ હેઠળ છે. સરકારી કચેરીઓમાં આવતા નાગરિકોને વધુ સુવિધાજનક વાતાવરણ મળી રહે તેમજ સરકારી સેવાઓની કામગીરી માટે વધુ સુવ્યવસ્થિત માળખું ઊભું થાય તે હેતુથી ગ્રીમકો દ્વારા વિવિધ વિભાગોની કચેરીઓના આંતરિક માળખાના આધુનિકીકરણની કામગીરી કરવામાં આવી રહી છે. છેલ્લા ત્રણ વર્ષમાં હાથ ધરાયેલા પ્રોજેક્ટમાં સબ-રજિસ્ટ્રાર કચેરીઓથી લઈને નાણાં વિભાગ, શ્રમ આયુક્ત કચેરી, વિકાસ કમિશનરની કચેરી સહિતની મહત્વપૂર્ણ સરકારી કચેરીઓનો સમાવેશ થાય છે.

વર્ષ ૨૦૨૩-૨૪માં ગ્રીમકો દ્વારા રૂ.૨૦.૪૩ કરોડના ખર્ચે વિવિધ કચેરીઓના આંતરિક માળખાકીય કામ પૂર્ણ કરવામાં આવ્યા હતા. તેમાં ભારત સરકારના વિશિષ્ટ પ્રોજેક્ટ હેઠળ ૧૨ જીએસટી સુવિધા કેન્દ્રોની કામગીરી માત્ર ૩૫ દિવસના ટૂંકા સમયગાળામાં પૂર્ણ કરવામાં આવી હતી. આ ઉપરાંત અમદાવાદ હાટ અને ૧૭ સબ-રજિસ્ટ્રાર કચેરીઓ સહિતના પ્રોજેક્ટ હાથ ધરાયા હતા.

વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રૂ.૨૯.૨૪ કરોડના ખર્ચે રાજ્યની ૩૫ સબ-રજિસ્ટ્રાર કચેરીઓ ઉપરાંત નાણાં વિભાગ, શ્રમ આયુક્ત કચેરી, વિકાસ કમિશનરની કચેરી અને ધોલેરા ઔદ્યોગિક શહેર સહિતની કચેરીઓના ઈન્ટીરિયર ડિઝાઈનિંગના કામ પૂર્ણ કરાયા હતા. વર્ષ ૨૦૨૫-૨૬માં ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન અને ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન જેવા મહત્વપૂર્ણ પ્રોજેક્ટના આંતરિક સુશોભનના કામ રૂ.૫.૩૦ કરોડના ખર્ચે સમયસર પૂર્ણ કરવામાં આવ્યા હતા. આ કામગીરીની રાજ્યના ઉચ્ચ સ્તરે પણ નોંધ લેવામાં આવી હતી.

ચાલુ વર્ષે ૪૯ સબ-રજિસ્ટ્રાર કચેરીઓ સહિતના પ્રોજેક્ટ: વર્ષ ૨૦૨૬-૨૭માં નાણાં વિભાગ, સેટલમેન્ટ કમિશનર કચેરી, ઈક્યુડીસી, રુડા, જીપીસીબી, જીઆઈઈલ, જીઆઈડીસી, સહાયક રાજ્યવેરા કમિશનરની જામખંભાળિયા કચેરી સહિત ૪૯ સબ-રજિસ્ટ્રાર કચેરીઓના આંતરિક માળખાકીય અને સુશોભનના કામ હાલમાં પ્રગતિ હેઠળ છે.

ગુણવત્તા અને સમયબદ્ધતા જળવાઈ રહે તે માટે વર્ષ ૨૦૨૫થી ૨૦૨૮ દરમિયાન હાથ ધરાનારા ઈન્ટીરિયર ડિઝાઈનિંગના વિવિધ કામો માટે પાંચ અલગ શ્રેણીમાં પ્રતિષ્ઠિત આર્કિટેક્ટ્સની પેનલ પણ તૈયાર કરવામાં આવી છે. આ વ્યવસ્થાથી સરકારી કચેરીઓના આધુનિકીકરણના પ્રોજેક્ટમાં વ્યાવસાયિક અભિગમ, ગુણવત્તા અને પારદર્શિતાને વધુ મજબૂતી મળવાની સાથે કામગીરી ઝડપી અને અસરકારક બનશે.

### આજનું પંચાંગ

**તા. 14/08/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** શ્રાવણ
**તિથિ:** સુદ: બીજ: 18:48- મહાલક્ષ્મી સ્થાપન અને પૂજન
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** શ્રાવણ:23
**કરણ:** બાવલ **નક્ષત્ર :** પૂ.ફા. 27:43
**રાશિ:** સિંહ (મ.ટ.) **યોગ :** પરિઘ
**દિવસ :** સામાન્ય- પતેતિ પારસી
**સુરતમાં સૂર્યોદય :** 06:18 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:09 **નવકારસી :** 07:06
**પારસી વર્ષ :** 1395 ગાથા-5- બહિસ્તોઈસ્ત-પતેતી
**મુસલમાન વર્ષ :** 1448 સફર માસનો 30મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ
**રાત્રિનાં ચોઘડિયાં:** રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુકાળ:** સવારે: 10:30 થી 12:00 સુધી

### આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** કોઈની વાતોમાં નિર્ણય બદલવા નહીં. મોજશોખ માટે પ્રવાસ થાય. પ્રેમમાં સાવધાની રાખવી. વિદ્યાર્થીઓને તક મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** માન સન્માન મળે તેવાં કામ સામાજિક થાય. ઘરમાં નવા ફેરફારથી નોકરીમાં નવી તક મળે. આવક વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** પરિવારમાં માંગલિક પ્રસંગ થાય. ભાઈ-બહેન મિત્રોનો સાથ મળે. આર્થિક પ્રગતિનાં કામમાં અનુકૂળતા વધશે.

**કર્ક (ડ,હ,):** ઉઘરાણી આવી શકે તેમજ નવા આર્થિક રોકાણ થાય. પારિવારિક ધંધામાં આવક વધશે. ખાણી-પીણીનાં ધંધામાં પ્રગતિ થાય.

**સિંહ (મ,ટ,):** સમાજમાં પ્રતિષ્ઠા વધે. બૌદ્ધિક કાર્યમાં યશ મળે. નોકરીમાં પ્રમાણ વધે. આરોગ્ય સુધરે. મન પર ભાર રહે.

**કન્યા (પ,ઠ,ણ,):** પ્રવાસમાં સામાનનું ધ્યાન રાખવું. સંતાનોથી અશાંતિ થાય. ધાર્મિક પ્રવાસ અને દેવ દર્શનથી શાંતિ.

**તુલા (ર,ત,):** નવા રોકાણમાં ધીરજ રાખવી. મિત્રો સાથે વિવાદ ટાળવો. પ્રેમમાં ગેરસમજ થાય. મન પર ભાર.

**વૃશ્ચિક (ન,ય,):** અચાનક કાર્યસિદ્ધિ મળે. શુભ સમાચાર મળે. નોકરી-ધંધામાં હરીફોથી અશાંતિ વધશે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ઈન્ટરવ્યુમાં સફળતા મળે. પ્રવાસમાં હેતુ પાર પડે. વિદેશનાં કામમાં પ્રગતિ થાય. શુભ સમાચાર મળે.

**મકર (ખ,જ,):** સમસ્યાનું સમાધાન કરવામાં કોઈની વાતોમાં આવવું નહી. સરકારી કામમાં સાવધાની રાખવી.

**કુંભ (ગ,સ,શ,ષ,):** નોકરીના કામમાં પરિવારનો સાથ મળે. આવક વધે. ભાગીદારીમાં પ્રગતિ થાય. ઊંમરલાયકને યોગ્ય પાત્ર.

**મીન (દ,ચ,ઝ,થ,):** સરકારી કામમાં મદદ મળે. માતાનો સાથ મળે. આરોગ્ય સુધરે. વિજાતિય આકર્ષણ સતાવે.

### કોઈ પણ સાલમાં 14 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહે. નવાં ફેરફારથી નવી તકો ઊભી થાય. નોકરી ધંધામાં ટેક્નોલોજીનો લાભ મળે. આર્થિક બાબતે પ્રગતિ અને ઉઘરાણી આવવાથી નવા રોકાણ સરળ બને. સમાજમાં પ્રતિષ્ઠા વધે. ધંધા વેપારમાં હરીફો વધે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. અટકેલા કામમાં મદદથી સફળ બને. ઉંમરલાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહમાં મદદ મળે. સામાજિક, વારસા, જાયદાદ અને જમીનને લગતાં કામમાં વડીલોની મદદ મળે. સંતાનોના કામ, અભ્યાસ- કેરીયરમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને અભ્યાસ માટે વિદેશની યોજનામાં મદદ મળે. વિદેશનો કામમાં પ્રગતિ થાય. પરીક્ષામાં મહેનતનું ફળ મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના વર્ષની શરૂઆતમાં સફળ બને. વધારાની આવક માટી યોજનામાં ચડતી-પડતી રહે. સરકારી નોકરીની યોજના પાર પડી શકે છે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. મે-જૂન, ઓગસ્ટ-સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર, 05, 14, 23 તારીખે નવા કામ કરવો. લીલા રંગનો ઉપયોગ વધારવો. જૂન-જુલાઈ, શનિવાર, 07,16, 25 તારીખે નવા કામ ટાળવાં. કાળો અને લાલ રંગનો ઉપયોગ ટાળવો.